# रूपक

- तद् रूपकमभेदो य उपमानोपमेययोः ।

  ઉપમાન અને ઉપમેયનો તે અભેદ રૂપક (છે).

- वृत्ति : अतिसाम्यात् अनपह्नुतभेदयोः अभेदः ।

  वृत्ति : અત્યંત સામ્ય અને કારણે છુપાવ્યા વિના અભેદ (રૂપક છે).

- **रूपक** = એ અલંકારનું નામ तद् = તે, (અહીં અભેદ); अनपह्नुत= છુપાવ્યા વિના.
- “ઉપમેય અને ઉપમાન વચ્ચેનો ભેદ છુપાવ્યા વિના અભેદ રૂપક અલંકાર છે’ એમ વ્યાખ્યા થાય છે. ઉપમેય અને ઉપમાન પરસ્પર ભિન્ન છે એવી પ્રતીતિ બંને માટે વપરાયેલા ભિન્ન શબ્દો ઉપરથી થાય છે, જેમકે, मुखकमलं विकसति । મુખરૂપી કમળ વિકસે છે. અહીં મુખ ઉપમેય છે. કમળ ઉપમાન છે. વિકાસ કમળનો ધર્મ છે. તેથી કમળ વિકસે છે એવો અર્થ કરવો પડે.
- આમ મુખને કમળનું રૂપ આપવામાં આવ્યું છે. છતાં મુખ અને કમળ ભિન્ન છે તે હકીકત છૂપાવવામાં આવી નથી.
- જો એક જ હોય તો તે માટે જુદા જુદા શબ્દોની જરૂર રહેતી નથી. પરંતુ કથનમાં બંને જુદા હોવાનું સ્વીકાર્યું છે તેથી જુદા શબ્દોનો પ્રયોગ થયેલો છે.

# रूपक

ઉદાહરણ : (1) मुखपङ्कजरङ्गेऽस्मिन् भ्रूलतानर्तकी तव ।

लीलावृत्तं करोतीति रम्यं रूपकरूपक ।।

- દંડીએ કાવ્યાદર્શમાં રૂપક અલંકારનું આ ઉદાહરણ આપ્યું છે. જેમાં ભ્રૂલતા રૂપી નર્તકી - નાયિકાના મુખકમલરૂપી રંગમંચ-સ્ટેજ પર રમ્ય લીલાનૃત્ય કરી રહી હોવાની સુંદર કલ્પના છે. અહીં ભ્રૂલતા અને નર્તકી તથા મુખકમલ અને રંગમંચ વચ્ચે અભેદ કલ્પવામાં આવ્યો છે અને ઉપમેય ભ્રૂલતા પર ઉપમાન નર્તકીનો અને એ જ રીતે મુખ પર રંગમંચને સમારોપ કરાયો છે.
- રૂપક અલંકારમાં ઉપમેય અને ઉપમાન પરસ્પર ભિન્ન છે એ હકીકતનો સ્વીકાર થયેલો હોય છે. અત્યંત સાદૃશ્યને કારણે ઉપમેય અને ઉપમાન વચ્ચે અભેદની સ્થાપના થયેલી હોય છે.

# रूपक

ઉદાહરણ : (2) ज्योत्स्ना भस्मच्छुरणधवला बिभ्रति तारकास्थी-

न्यन्तर्धानव्यसनरसिका रात्रिकापालिकीयम् ।

द्वीपाद् द्वीपं भ्रमति दधति चन्द्रमुद्राकपाले

न्यस्तं सिद्धाञ्जनपरिमलं लाञ्छनस्य च्छलेन ।। (કા.પ્ર.)

ચંદ્રિકા રૂપી ભસ્મના ચૂર્ણથી શ્વેત, તારાઓ રૂપી અસ્થિ(ની માળા)વાળી અને ચંદ્રબિંબ રૂપી ખોપરીના કલંક બહાને સિદ્ધ કાજળની સુગંધને રાખતી રાત્રી રૂપી કાપાલિકો ખંડમાંથી ખંડમાં ભમે છે.

➢ રૂપકના પ્રકારો:

- સાંગ રૂપક તેના 1. સમસ્ત વિષયવસ્તુ સાંગ અને 2. એકદેશવર્તી સાંગ. એમ બે પ્રકાર.
- નિરંગ રૂપક અથવા શુદ્ધ રૂપક
- પરંપરિત રૂપક તેના 1. શ્લિષ્ટ વાચક અને 2. ભેદભાગ્વાચક એમ બે પ્રકાર.